ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

એક નરેન્દ્ર એ વિશ્વમાં ધર્મ પ્રત્યેની અશ્રદ્ધા ભગાડી,
બીજા નરેન્દ્રએ આતંક સામે હિંમત જગાડી,
લગાડી ચિનગારી ઐક્યની, તાલિબાન વિરુદ્ધ -
થયા વિશ્વનેતા, પ્રજાને ખૂશીની થાળી વગાડી.

### હાઈકુ

ખૂલ્લી ભાષામાં
ગજાવી વિશ્વસંસ્થા
અભિનંદન...

જગાવ્યો ગુસ્સો
તાલિબાની જૂલ્મોને
આતંક સામે...

### ચિંતન

પિત્રોરાજ્ઞા પાલયતિ સેવને ચ નિરાલસં છાયેવ વર્તતે નિત્યં પતતે યાગમાય વૈ ।
કુશલઃ સર્વ વિધાસુ સઃ પુત્રઃ પ્રીતિકારકઃ । દુઃખદો વિપરીતો યો દુર્ગુણો ધનનાશકઃ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જે પુત્ર-માતાપિતાની આજ્ઞાનું પાલન કરે, તેમની સેવામાં આળસ ન દાખવે, પડછાયાની માફક માતાપિતાનું અનુગમન ન કરે, ધનોપાર્જન માટે સતત, નિરંતર પ્રયત્નશીલ રહે, સર્વ વ્યવહારમાં નિપૂર્ણતા દાખવે. તે પુત્ર માતાપિતા માટે અત્યંત હર્ષનો આનંદનો વિષય બને છે. એટલું જ નહીં, આવા પુત્ર હોવાથી પરિવારના આનંદમાં પણ વૃદ્ધિ થાય છે.

પરંતુ ઉપરોક્ત ગુણોથી વિપરીત ગુણવાળો પુત્ર માતાપિતા માટે ચિંતા અને દુઃખનો વિષય બને છે.

માતાપિતાની આજ્ઞામાં તત્પરતાએ સુપુત્રનું લક્ષણ છે. કોઈ પુત્ર પ્રવૃત્ત હોય અને સમયની મારામારી હોય એમ છતાં માતાપિતાની સેવામાં તત્પર હોય તેના પર લક્ષ્મીની પણ કૃપા અવશ્ય થાય છે. વડીલોને સમય ન આપીને સંતાન માતાપિતાને સંતાપ આપે છે.

### સુવિચાર

- તેરી નેકી કા લિબાસ હી તેરે બદન કો ઢકેગા એ બંદે, સુના હૈ...
  ઉપરવાલે કે ઘર કપડોં કી દુકાન નહી હોતી - **અમૃતબિંદુ**
- જે વિવિધ ધર્મોનાં શાસ્ત્રો તો વાંચે છે પણ તે મુજબ આચરણ કરતો નથી.
  તે એવો ગોવાળ જેવો છે જે બીજાની ગાયો ગણતો રહે છે - **ભગવાન બુદ્ધ**
- પ્રસન્નતા સર્જનાર સુખી રહે છે - **વિલિસ**
- હું કાય-સ્થ છું, દેહ-સ્થ છું એ ખરું પણ સૌથી વધારે સાચું એ કે હું 'સ્વ-સ્થ' છું - **વિનોબા ભાવે**
- કોઈ પણ શોખને તમારો ગુલામ બનાવીને રાખો,
  જો એને માલિક બનવા દેશો તો એ તમને જ ગુલામ બનાનશે - **બેકન**
- નિદ્રા અને નિંદા પણ વિજય મેળવનાર જ ભક્ત થઈ શકે, ભક્તિ કરી શકે - **પૂ. ડોંગરેજી મહારાજ**
- આજનું ઔષધ : નરણા કોઠે એક કળી લસણ ગરમ પાણી સાથે ગળી જવાથી રક્તચાપ નિયંત્રિત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ચૌદસો વર્ષ પહેલાની વાત. બૌધિધર્મ નામનો ભિક્ષુ ચીન ગયો. ત્યાંના સમ્રાટ વુએ એનું ભવ્ય સ્વાગત કર્યું. સમ્રાટ વુએ બૌદ્ધ ધર્મના પ્રચાર માટે હજારો મંદિરો બનાવ્યા હતા. જયાં હજારો ભિક્ષુઓને મફત ભોજનની વ્યવસ્થા કરી હતી. સમ્રાટે બોધિધર્મને આ બધી વાતો ગૌરવપૂરવક સંભળાવીને પૂછ્યું, 'મેં બુદ્ધ ધર્મના પ્રચાર-પ્રસાર અને પ્રભાવનામાં કોઈ કસર રાખી નથી. મને એનું ફળ શું મળશે ?' આટઆટલા પુણ્યના પ્રતાપે મને મોક્ષ મળશે અને સ્વર્ગમાં સ્થાન મળશે. બોધીધર્મએ કહ્યું, 'પુણ્ય તો દૂર ની વાત છે, તમે તો પાપના અધિકારી છો. આ બધું કરવામાં તે તારું 'હું પણું' આગળ ધર્યું છે. અહંકાર પાપ છે અને 'હું કઈ જ નથી' એવું આત્મજ્ઞાન અને અનુભૂતિ જ પુણ્ય છે.' નારાજ સમ્રાટે બોધિધર્મને ચીન છોડીને જવાનો હુકમ કર્યો. બોધિધર્મએ ચીન છોડ્યું. વર્ષો વિત્યા સમ્રાટ વુ હવે વૃદ્ધ થયો. બોધિધર્મનો પાપ અને પુણ્યની વ્યાખ્યાના બોધ એના પ્રાણ પર અસર કરતો રહ્યો. મૃત્યુશૈયા પર સમ્રાટ વુએ સમજણ આવી કે મૃત્યુ પછી એ તો નામશેષ થઈ જશે. અંતિમ પળોમાં ક્ષમા પ્રાર્થના અને સાંત્વના મેળવવા એને બોધિ ધર્મને શોધી લાવવા સૈનિકોને હુકમ કર્યો. બોધિધર્મએ કહ્યું, 'હું આવું છું પણ સમ્રાટ વુ માટે હવે ખૂબ મોડું થઈ ગયું છે.' 'હું કંઈ જ નથી' એ એમણે પહેલાં જ સમજી લીધું હોત તો એમને જીવનનો પરમ અનુભવ થઈ જાય. સાર એ છે કે મૃત્યુ ક્ષણે તો સૌને જાણ થાય છે કે 'હું' 'મારું' બધું જ વિલીન થઈ રહ્યું છે. નસીબદાર તો એ છે કે જે જીવતેજીવ આ પરમસત્ય જાણી - સમજી લે કે 'હું કંઈ જ નથી.'

# ફાટેલી ઈમેજ પર થીગડાં જ નીવડશે

### તંત્રીસ્થાનેથી...

સત્તાને જ નજર સામે રાખીને મુખ્ય પ્રતિસ્પર્ધી રાજકીય પક્ષોના હાઈકમાંડે કયાંક આખેઆખું મંત્રીમંડળ વિખેરી નાખી નવી અને બિન અનુભવી ટીમના હાથમાં સુકાન સોંપી દીધું છે તો કયાંક મુખ્યમંત્રીને બદલીને સંગઠન પાંખની પીઠ થાબડી છે. કયાંક માત્ર થોડા ઘણા નવા મંત્રીઓને શપથ લેવડાવી સમીકરણો સરખાં કરવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસ માટે પંજાબ શિરોવેદના સમું રાજય બની રહ્યું હતું અને ભાજપ છોડીને આવેલ ક્રિકેટર રાજકારણીએ રીતસરના જાસા મોકલવા માંડ્યા હતા. આમ આદમી પાર્ટી માટે દિલ્હીની સરહદ બહાર વિસ્તારવા લાયક સૌથી અનુકૂળ પ્રદેશ પંજાબ છે. ગઈ લોકસભાની ચૂંટણીમાં કે વિધાનસભાની ચૂંટણીમાં એનો દેખાવ નબળો ભલે લાગે પણ અકાલીદલના વિકલ્પે પંજાબની પ્રજાને આમ આદમી પાર્ટી વધુ વિશ્વસનીય લાગવા માંડી છે. એ હકીકતથી શાસક કોંગ્રેસ પક્ષ સુપેરે વાકેફ હતો. નવજોત સિધ્ધુ પાસે કોઈ અલાદીનનો ચિરાગ નથી. એ બોલવે બેફાટ છે એટલે મોદી વિરુદ્ધ સ્ટાર પ્રચારક તરીકે એમનો કસ કાઢવા માટે જ ગાંધી પરિવારે એમને સુકાન સોંપ્યું એટલું જ નહીં, એમના 'યસ મેન' જેવા દલિત શીખને અમરિંદરસિંહને ઉઠાડી મૂકીને મુખ્યમંત્રીની ગાદી પણ સોંપી દીધી. આ એક જોખમી જુગાર છે. સીધો પડે કે નયે પડે. સંતુલન જાળવવા અમરિંદરના વફાદાર એવા રંધાવાને ડેપ્યુટી પણ બનાવ્યા છે. હિંદુઓની વોટબેંક જાળવવા તટસ્થ કહી શકાય એવા સોનીને નાયબ મુખ્યમંત્રી બનાવ્યા છે. જો કે બધા જાણે છે કે દલિત શીખ મુખ્યમંત્રી તો નવજોતની ચિઠ્ઠીના ચાકર તરીકેનો રોલ જ અદા કરવાના છે. આથી જે નકારાત્મક સંદેશ જાય છે તે રાહુલ-પ્રિયંકાની રણનીતિને નિષ્ફળ બનાવી શકે છે. અમરિંદરસિંહે તો નવજોતને ચૂંટણીમાં હરાવી દેવાના સોગંધ જ ખાધા છે. ગુજરાતમાં આખેઆખા મંત્રીમંડળની હકાલપટ્ટી છતાં નીતિન પટેલના બળાપા સિવાય કોઈ વિદ્રોહનો સૂર સંભળાયો નથી. બધા જાણે છે કે હવે ગુજરાતનું સુકાન સીધું જ મોદી-શાહ હસ્તક ગયું છે અને એમના વફાદાર બાબુઓ દ્વારા જ વહીવટ ચાલવાનો છે. પરંતુ ઉત્તરપ્રદેશમાં યોદી આદિત્યનાથ સામે ભારેલો અગ્નિ હોવા છતાં મોદી-શાહ એમને ટપારવાની સ્થિતિમાં નથી. ઊલટાનાં એમનાં વખાણ કરવાં પંડ્યા છે. વડાપ્રધાનના વફાદાર બાબુને પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષથી વધુ મહત્ત્વ આપવા યોગી તૈયાર નથી. યોગીને વિશાળ સંત સમાજ ઉપરાંત સંઘનું સમર્થન છે. પરંતુ એમનેય મંત્રીમંડળનું વિસ્તરણ તો કરવું પડ્યું છે. ખાસ તો એની પાછળ ઉત્તરપ્રદેશના પ્રાદેશિક અને જાતિગત સંતુલનનો જ મુદ્દો રહેલો છે. શરૂથી જ ઉત્તરપ્રદેશના રાજકારણમાં બ્રાહ્મણ નેતાગીરીનો દબદબો રહેતો આવ્યો છે. એ દબદબો મુલાયમ - માયાવદીના જાતિગત રાજકારણને લઈ ખંડિત થયો છે જરૂર, છતાં દલિત-બ્રાહ્મણ સમીકરણ માંડીને માયાવતીએ એવડા મોટા રાજયનું શાસન હસ્તગત કર્યું હતું તે હકીકત છે. મુલાયમ હવે ચિત્રમાં જ નથી અને યાદવોમાં પણ યાદવાસ્થળી જામેલી છે. મોદી-શાહે ગણતરીપૂર્વક બ્રાહ્મણ નેતા જિતિન પ્રસાદને કોંગ્રેસમાંથી ખેંચી લાવી યોગીની ઠાકુર લોબી સામે મૂકી દીધા છે. ઉપરાંત કુર્મી સહિતની પછાત જાતિઓનાં બીજા છ મંત્રીઓ બનાવી યોગી મંત્રીમંડળને જાતિગત સમીકરણ મુજબ મજબૂતી બક્ષી છે. અલબત્ત, આખરે આ બધી રાજરમત એ ફાટેલી ઈમેજ પર થીગડાં મારવા જેવી જ છે - પ્રજા હવે સમજી ગઈ છે. યોગીનું હિંદુત્વ કાર્ડ જ ચમત્કાર કરી શકે, બાકીનાં થીગડાં કશા કામનાં નથી. જિતિનપ્રસાદ કરાતં પોતાને બ્રાહ્મણ (કાશ્મીરી પંડિત) તરીકે ઓળખાવતાં પ્રિયંકા ગાંધી વધુ પ્રભાવક નીવડી શકે તો નવાઈ નહીં. કોંગ્રેસ પ્રિયંકાને 'ચહેરો' બનાવી ઉત્તરપ્રદેશના રણમેદાનમાં ઊતરી રહી છે.

# દિવ્ય માતૃત્વ ને પિતૃત્વના દીવડાનો પ્રકાશ આપણી આસપાસ રેલાય છે



### અજવાળું - અજવાળું

તુષાર જોશી

ઉંમરનો સાતમો દાયકો પૂરો કરવા જઈ રહેલા એક મહિલા જેમના પતિ કેન્દ્ર સરકારના કર્મચારી હતા અને નિવૃત્તિ પછી થોડા વર્ષોમાં અવસાન પામ્યા હતા તેમણે એમના એક સ્વજનને વાતવાતમાં કીધું કે 'મારે તો હજુ દસ વર્ષ વધુ જીવવું છે.' એટલે પેલા સ્વજને કીધું કે 'અરે, દસ શા માટે તમે તો સો પુરા કરશો એવું તમારું સ્વાસ્થ્ય છે, ને દુનિયા ને દીકરાનો પરિવાર પણ તમારા માટે જીવવા જેવા છે.' તો જવાબ આવ્યો કે 'હવે મને જીવવાની બીજી કોઈ લાલસા નથી, પરંતુ દીકરાની બે દીકરીઓનો ભણવાનો ખુબ ખર્ચ છે, દીકરાને રાજય સરકારમાં ખુબ સારી નોકરી છે પણ તોયે કયારેક એને ખેંચ પડે છે, હું બીજા દસ વર્ષ જીવી જાઉં તો દીકરીઓના ભણવાનો ને લગનનો ખર્ચો થાય છે એમાં મારું વિધવા પેન્શન એને ઉપયોગી થાય એ કારણે જ મારી જીવવું છે.'

જીવવા માટેનું આવું કારણ એક મા જ આપી શકે. મા વાત્સલ્યનું એવું એક વટવૃક્ષ છે જે હંમેશા કોઈ ભેદ-ભાવ વિના સંતાનોને શીળી છાયા ને ટાઢક આપે છે. પૌત્ર કે પૌત્રીઓની પરિક્ષા હોય તો પણ એ માળા સતત કરે છે, દીકરો - વહુ કે બાળકો ઘરમાં મોડા આવે તો, તેઓ જ્યાં સુધી ન આવે ત્યાં સુધી તેઓ જાગે છે. આઠમા દાયકાની ઊંમરે પહોંચીને પણ વહેલી સવારે દૂધ લેવા બારણું એ જ ખોલે જેથી પરિવારના સભ્યોને આરામ થાય. સાવ નાની નાની બાબતોમાં સંતાનોને ન ગમે તો પણ એ બે-પાંચ પ્રશ્નો કરે એના મૂળમાં પરિવારના અન્ય સભ્યો પ્રત્યેની કરૂણા ને મમતા જ હોય.

ઘરમાં એક પૈસો પણ ખોટો વપરાય નહીં, ચીજ વસ્તુઓનો બગાડ ન થાય, સમય અને શિસ્તનું પાલન થાય, આતિથ્ય ધર્મ બરાબર નિભાવાય, પ્રત્યેક કાર્યમાં પૂર્ણ ચોકસાઈ રખાય, વધેલું રાશન કે ખોરાક કોઈ જરૂરિયાતમંદને મળે, ધર્મને અધ્યાત્મનું વાતાવરણ રહે, સેવાને ભક્તિને માનવીય સંબંધો સચવાય એની પૂરેપૂરી ખેવના પ્રત્યેક ઘરમાં જીવંત એવી મા રાખતી હોય છે.

સત્ય ઘટના - ૨

એક પિતો દીકરીના લગ્ન પુરા થયા પછી પરિવારના સભ્યો બેઠા હતા ત્યારે કીધું કે 'મારા પત્નીને ઘણીવાર એમ થતું કે એકનો એક દીકરો ઘરમાં બહુ સમય આપતો નથી, એની નોકરી અને શોખની પ્રવૃત્તિમાં ને દોસ્તોમાં વધુ સમય ગાળે છે, પણ આ લગ્ન પુરા થયા એમાં એના મિત્રોએ જ બધો ભાર ઊંચક્યો છે, અમને તો પ્રેમપૂર્ણ વાતાવરણમાં કયાં લગ્ન પુરા થઈ ગયા ખબરે ના પડી. એ ખુબ ફરે છે પણ સારા દોસ્તના ને ધર્માચાર્યોના સત્સંગમાં રહે છે એનો આનંદ છે.'

પેઢીઓમાં આ જ બનતું આવ્યું છે. યુવાન વયે મા-બાપ બન્યા બાદ બાળકોના ઉછેરની સાથે સાથે આર્થિક સદ્ધરતા કે ક્ષમતા પ્રાપ્ત કરવી પણ એટલી જ જરૂરી હોય છે, એમાં વળી ભળે છે દોસ્તો સાથેની દોસ્તી. આવા સમયે પિતાને સંતાનોની પ્રવૃત્તિ - નોકરી - ધંધા કે સંબંધોથી સંતોષ હોય એ બહુ જ સંવેદનાથી સભર અનુભૂતિ હોય છે.

પિતા બાળકોને હંમેશા પ્રેમ આપે પુરુષાર્થના પાઠ શીખવે. પિતા બાળકોને સાહસ ને સમજણ આપે. પિતા ગમે તેમ કરીને, લોન લઈને કે ઉછીના કરીને પણ બાળકોને શ્રેષ્ઠ અભ્યાસ પામે, એની તમામ જરૂરિયાતો પૂરી પડે એની ચિંતા કરે દીકરીને કોઈ ચીજ ખરીદવી હોય તો મોલમાં કે સ્ટોરમાં જાય કે ઓનલાઈન ખરીદી કરવાની હોય તો બેન્કનું કાર્ડ આપી દે, દીકરીને એના પીન નંબર પર ખબર હોય. કોઈ ગણતરી વિના માત્ર ને માત્ર સંતાનો રાજી રહે એ માટે સતત પ્રવૃત્તિમાં રહેનાર, પુરુષાર્થ કરનાર ને બાળકો - પરિવાર સાથે પ્રવાસ કરનાર પિતાના હૃદયમાં બાળકો રાજી રહે, એમનું ભવિષ્ય ઉજ્જવળ હોયએ જ ભાવ ધબકતો હોય છે. શ્રાદ્ધના દિવસોમાં સહજપણે આવા દિવ્ય માતૃત્વને પિતૃત્વના દીવડાનો પ્રકાશ આપણી આસપાસ રેલાય છે.

# મૂલ્યોની જણસ મેળવીને હ્યુમન બીઈંગ અને હ્યુમન ડુઈંગનો તફાવત જાણીએ



### વિચારયાત્રા

ડો. જય ઓઝા

વાસ્તવમાં મૂલ્ય સંસ્કાર એ દરેકનું વ્યક્તિગત ભાથુ છે. પ્રેમ સુખ-શાંતિ-આનંદ-જ્ઞાન-શક્તિ અને પવિત્રતા આ સાત મૂલ્ય દરેકની પાસે છે.

સામાન્ય રીતે જ્યારે આપણને કોઈ પૂછે કે તમે કોણ છો? તો આપણો જવાબ હોય કે - હું શિક્ષક છું, વકીલ છું, ડૉક્ટર છું, પોલીસ છું.. શું આપણે આ બધું કહીએ છીએ તે ખરેખર આપણા હોવાપણાની વાત છે? હ્યુમન બીઈંગ એટલે માણસ હોવું. હ્યુમન બીઈંગ : માણસ હોવું અને હ્યુમન ડુઈંગ. આ બંનેમાં ફરક છે. આપણે જ્યારે આપણા વ્યવસાયની વાત કરીએ ત્યારે એ તો આપણે જે કરીએ છીએ તે જણાવીએ છીએ. આપણે શું છીએ તે નથી જણાવતા.

એક વખત એક શાળામાં બાળકોને શિક્ષિકાએ પ્રશ્ન પૂછ્યો કે હું તમને એક કોરો કાગળ આપું છું. તેની અંદર તમારે દરેકે ભવિષ્યમાં તમે શું બનવા માગો છો તે લખવાનું છે. પાંચ મિનિટ પછી શિક્ષિકાએ દરેક વિદ્યાર્થી પાસેથી કાગળ પાછો લઈ લીધો. તેમણે જોયું કે કોઈએ લખ્યું હતું ડૉક્ટર, એડવોકેટ, ટીચર આવાં ભિન્ન ભિન્ન ઉત્તરો લખ્યા હતા પરંતુ એક બાળકે લખ્યું હતું - હેપ્પી. આનંદી. શિક્ષિકાએ તે બાળકને બોલાવીને પૂછ્યું કે તું મારા પ્રશ્નને બરાબર સમજ્યો લાગતો નથી. મેં પૂછ્યું કે તું શું બનવા માગે છે ? ત્યારે બાળકે માત્ર એક જ વાક્યમાં જણાવ્યું કે મેડમ હું તો બરાબર જ સમજ્યો છું પરંતુ તમે જિંદગીને બરાબર સમજ્યા નથી.

આપણે આપણાં રૂઢિગત મૂલ્યોને સમજતાં નથી. સુખ શેમાં છે ? આનંદ ક્યાં છે ? શાંતિ ક્યાં છે ? તે આપણે શોધી શક્યા નથી. કારણકે આપણા મનમાં ઠસી ગયું છે કે પૈસા ખર્ચીશું તો આનંદ મળશે. અઢળક રૂપિયા ખર્ચીને હિલ સ્ટેશન પર જઈશું તો શાંતિ મળશે. આ બધી માન્યતાઓ આપણાં મનમાં ઘર કરી ગઈ છે.

એક ઉદાહરણ પરથી સમજીએ. બે કીડીઓ હતી બંનેના અલગ અલગ જૂથ હતા. એક કીડી ખાંડના ટેકરા ઉપર રહેતી અને બીજી કીડી મીઠાના ટેકરા ઉપર રહેતી હતી. એકવાર ખાંડના ટેકરાવાળી કીડીએ મીઠાના ટેકરા પર રહેનારી કીડીને આમંત્રણ આપ્યું કે તું અમારા ખાંડના ટેકરા ઉપર આવીને થોડોક સમય રોકાણ કર. મીઠાના ટેકરાવાળી કીડી તો ખાંડના ટેકરા ઉપર ગઈ. ટેકરા ઉપર ખૂબ આટા માર્યા. આટા માર્યા પછી ખાંડના ટેકરાવાળી કીડીએ પૂછ્યું કે તું કેમ ખુશ નથી લાગતી ? એણે કીધું કે મને તો બધી જગ્યાએથી ખારો જ સ્વાદ આવે છે. ખાંડના ટેકરાવાળી કીડીએ જોયું કે તે પહેલેથી જ પોતાના મોઢામાં મીઠાનો ગાંગડો લઈને જ આવી હતી. આપણે પહેલાંથી જ આપણી માન્યતાઓ સાથે ફ્રેમ બનાવીને આગળ વધીએ છીએ. આ ફ્રેમને, આ માન્યતાઓને આપણે તોડી શકતા નથી.

એક યુદ્ધજહાજ હતું. ખૂબ મોટું. સામાન્ય રીતે આવું કોઈ જહાજ દરિયામાં હોય ત્યારે સામે દરેકને સૂચના અપાઈ જતી હોય છે કે આ વિશાળ જહાજના માર્ગમાં બીજા કોઈ આવે નહીં. તેવામાં યુદ્ધ પરના જહાજના કેપ્ટને જોયું કે સામે લાઈટ દેખાય છે કોઈ બીજું જહાજ આવતું જણાય છે. કેપ્ટને તરત સંદેશ લખ્યો પ્લીઝ ચેન્જ યોર પાથ. સામેથી જવાબ આવ્યો વી કાન્ટ. આજ્ઞાત્મક રીતે કેપ્ટને ફરી વખત લખ્યું - આ વખતે તેણે પ્લીઝ કાઢી નાખ્યું અને લખ્યું કે ચેન્જ યોર પાથ. સામેથી ફરી જવાબ આવ્યો વી કાન્ટ.ત્યારબાદ તેણે રોષપૂર્વક કહ્યું કે, આઈ એમ સો એન્ડ સો કેપ્ટન I order you that change your path. સામેથી જવાબ આવ્યો આઈ કાન્ટ because આઈ એમ lighthouse. lighthouse જેવી શક્તિ ઉપર આપણે વિશ્વાસ કરતા નથી. પેલી કીડીની જેમ ઓલરેડી મોઢામાં મીઠાના ગાંગડા ભરી રાખીએ છીએ. આ જ તકલીફ છે.

Values are caught, not taught. સ્વચ્છતાને આપણે થોપી પરંતુ તેનો સ્વભાવ બનાવવાનું ન શીખવ્યું. આપણા સ્વભાવમાં આપણે પરિવર્તન લાવવું પડશે. સનાતન મૂલ્ય, સામૂહિક મૂલ્ય, વ્યક્તિગત મૂલ્યો, સૌંદર્યાત્મક મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, પારિવારિક મૂલ્યો, પર્યાવરણીય મૂલ્યો ધાર્મિક મૂલ્યો રાજનૈતિક મૂલ્યોની સમજ મેળવવી રહી.

આપણે ત્યાં શારીરિક સ્વચ્છતા એકમાત્ર મૂલ્ય એટલે કે વેલ્યુ તરીકે શાળાઓમાં શીખવાય છે. Value educationના ક્લાસ હોય છે. પરંતુ તેમાં hygieneની વાતો જ વધુ હોય છે. ભારતીય દષ્ટિકોણથી મૂલ્યો એટલે શું ? તે સમજાવાતું નથી. મૂલ્યો સભાનપણે શીખવાડી શકાતા નથી. પરંતુ નાની નાની વાતો દ્વારા દિનપ્રતિદિનના વ્યવહાર દ્વારા બાળકમાં આપોઆપ આત્મસાત્ થતા જતા હોય છે.

એક પિતા સાથે નાનપણમાં સ્કૂટર ઉપર જતો બાળક પિતાને જ્યારે જુએ કે સ્કૂટર ચલાવતાં ચલાવતાં મંદિર આવે ત્યારે પિતા નમન કરીને આગળ વધે છે. સ્કૂલે મૂકવા જતા હોય ત્યારે શાળામાં આવતા બીજા વાલીઓ સાથે 'જય શ્રી કૃષ્ણ' કહીને નમસ્કાર કરે છે. ઘરની બહાર નીકળે ત્યારે માતા-પિતાને પગે લાગીને 'જય અંબે' કે 'જય શ્રી કૃષ્ણ' કરીને જ આગળ વધે છે. માતા અથવા દાદીમા સંધ્યા સમયે ઘર-મંદિરમાં દીવો કરીને તુલસી-ક્યારે પણ દીવો મૂકે છે. આ જોઈને શ્રદ્ધા અને ભક્તિનું મૂલ્ય તેનામાં ગ્રથિત થાય છે. રસોઈ વખતે પહેલી રોટલી ગાય કે કૂતરા માટે હોય તે જોઈને તેના અર્ધજાગૃત મનમાં અર્પણના મૂલ્યો દૃઢ થતા જાય છે. ગાડીમાં ક્યાંય જતી વખતે અથવા જાહેર સ્થળ પર માતા કે પિતાને પ્રયત્નપૂર્વક કચરાપેટી શોધીને તેમાં જ કચરો નાખતા જોઈને તેમનામાં સ્વચ્છતાનું મૂલ્ય આપોઆપ કેળવાય છે. ઘરમાં દાદા-દાદીને, સમાજમાં કોઈ વડીલો કે પછી પાડોશીઓને ખૂબ જ માનપૂર્વક બોલાવતા માતા-પિતાને જોઈને એનામાં નમ્રતાનો ગુણ સ્વતઃ જ કેળવાય છે. વારે તહેવારે પિતરાઈ ભાઈ-બહેનો અને કાકા-કાકી, મામા-મામી જેવા સંબંધોને માતા-પિતા જે દૃષ્ટિકોણથી જે મહત્તાથી નિભાવે છે તેના જ લીધે જ બાળકમાં પારિવારિક મૂલ્ય દૃઢ થતા જાય છે.

આનાથી ઉલટુ પિતા કે માતા દ્વારા ફોન ઉપર બોલાયેલું નાનું અસત્ય જેમકે 'હું અત્યારે ઘરે નથી', 'અત્યારે ખૂબ વરસાદ છે એટલે આવી શકાય તેમ નથી' આવા અનાવશ્યક અસત્યને સાંભળીને બાળકના અર્ધચેતન મનમાં એ વાત ઘર કરી જાય છે કે નાના નાના અસત્યો બોલવા જોઈએ. આના બદલે ભૂલથી રેડ સિગ્નલ ક્રોસ કરી દીધું હોય અને સામેથી પિતા દંડ ભરી દે, તો બાળકમાં સામાજિક જવાબદારીનું મૂલ્ય આપોઆપ કેળવાય છે. 'ફરારી કી સવારી' ફિલ્મમાં શરમન જોશી અને તેના દીકરા વચ્ચે આવા નાના નાના પ્રસંગો સુંદર રીતે દર્શાવાયાં છે. આપણે મૂલ્યની સંસ્કારોની ખરી વ્યાખ્યા સમજીને આપણા વર્તન દ્વારા જ આપણા સંતાનોમાં આરોપિત કરવાની છે.

રામાયણ, શ્રીમદ ભાગવત, ગીતા, મહાભારત જેવા ગ્રંથો માત્ર ધર્મગ્રંથો નથી મહામૂલા નીતિગ્રંથો પણ છે. જેમાં રાષ્ટ્રીય, સામાજિક, પારિવારિક, સાંસ્કૃતિક મૂલ્યોને કથા સ્વરૂપે સમજાવવામાં આવ્યા છે. આપણને તો ક્યારેય બાળપણમાં આવા વેલ્યુ એજ્યુકેશન વિશે ભણાવવામાં નહોતું આવ્યું. કારણકે સંયુક્ત પરિવારમાં દાદા-દાદી પાસેથી શ્રવણની માતાપિતા પ્રત્યેની ભક્તિની વાર્તા, રામની વનવાસ જવાની કથા સાથે પિતૃભક્તિ અને આજ્ઞાપાલન અને ભરતના ચરિત્ર પરથી ત્યાગભાવના વિશે જાણે છે. આપણાં કથા-સાહિત્ય પંચતંત્ર, હિતોપદેશની અઢળક વાર્તાઓ આપણા બાળપણમાં જ આપણને મૂલ્ય અને સંસ્કારોનું ભાથું પીરસતા રહે છે. થોડા મોટા થયા પછી ચાણક્યનીતિ, નીતિશતક, વિદૂરનીતિ, શુક્રનીતિ જેવાં ગ્રંથો વાંચીએ તો આપણને ધ્યાનમાં આવે છે કેટલી મોટી શીખ ઓછાં શબ્દોમાં જણાવી દેવામાં આવી છે.

સૌથી મોટી મુસીબત અત્યારે એ ઊભી થઈ છે કે આપણે આપણાં આવા મૂલ્યવાન ગ્રંથોથી જ દૂર થતાં ગયાં છીએ પછી મૂલ્યોથી તો દૂર થઈ જઈએ ને!!

- jayuoza@gmail.com,
Mo.9898046488

# આવતીકાલ એ આજનું સપનું છે...



### આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com


જે લોકો પોતાના સપનાને નથી જીવી શકતા એ તેમના ડરને જીવે છે
સપનું ક્યે હું ચોક્સ આવું,
પણ ભઈલા તું ઊંઘે તો ને ?
ઝાકળ ક્યે હું પણ નવરાવું,
અંદરથી તું ઊગે તો ને ?

- કૃષ્ણ દવે

સપના વ્યક્તિના ચરિત્રનો સચોટ માપદંડ છે. સપના એટલે જવાબદારીઓનો આરંભ. એ પણ એટલું જ સાચું છે કે, જેને પોતાના સપનાના સૌંદર્યની સમજ પડે છે એના કદમોમાં દમામદાર ભવિષ્ય હોય છે. સપનાનો હંમેશા એક જ માલિક હોય, એટલે શમણા જોવાવાળો સદા સર્વદા એકલો જ હોય. સ્વપ્રવીર એકલો હોય એટલે જ એ યોદ્ધાની માફક આગળ વધવા હંમેશા થનગનતો હોય.

સ્વપ્ન સૌ કોઈ જૂએ છે. બંધ આંખોથી અને ખુલ્લી આંખે શમણા જોવાતા હોય છે. ખુલ્લી આંખે જોવાયેલા સ્વપ્ન એટલે નવી આશા, ઉન્નત આકાંક્ષા અને મહેકતી મનોકામનાનો મઝાનો આયનો. દરેક વ્યક્તિ સેવેલા સ્વપ્ન સાકાર કરવા ઈચ્છતો હોય અને એના માટેની પ્રેરણાની ઝંખના કર્યા કરતો હોય. પ્રેરકબળ શોધતો રહેતો હોય. ગઈકાલ આજની યાદ બનીને રહી જાય છે. આવતી કાલ આજનું સપનું હોય છે. કોઈપણ શમણું જાદુઈ લાકડી ઘુમાવીને હકીકત બની નથી જતું. શમણાને જમીની હકીકત બનાવવા માટે અથાક પરિશ્રમનો પ્રસવેદ અને દ્રઢ સંકલ્પનો સમન્વય જોઈએ.

ક્રિસ્ટોફર ઈવાન્સના સંશોધન અનુસાર શમણા એ વ્યક્તિની અમૂલ્ય મૂડી છે. સ્વપ્ન વ્યક્તિના જીવનની ઈમારતનો મજબૂત પાયો છે.



કોઈપણ વ્યક્તિ થાક ઉતારવા માટે નહીં પણ સપના સમજાવવા માટે ઊંઘતો હોય છે. સામાન્ય રીતે લોકો એમ સમજે છે કે, પડતાં વેંત સુઈ જઈએ અને આજુબાજુનો કશો ખ્યાલ ન રહે કોઈ સપનું ન આવે એવી ઊંઘ એટલે સરસ મઝાની ઊંઘ કહેવાય. જો કે ઈવાન્સના મતે સપના વિનાની ઊંઘ અધકચરી અને અર્થવગરની ઊંઘ કહેવાય.

જગતભરના ચિંતકો અને સંશોધકોના મંતવ્ય મુજબ સુતેલા વ્યક્તિની પાંપણ નીચે કીકીની 'રેપીડ આઈ મુવમેન્ટલ્ર થતી હોય ત્યારે એ સ્વપ્ન જોતો હોય છે. સામાન્ય રીતે વ્યક્તિ તેની નિદ્રાના સમયનો એક ચતુર્થાંશ ભાગ સ્વપ્ન જોવામાં ગાળતો હોય છે. મનોવૈજ્ઞાનિકો તો ત્યાં સુધી કહે છે કે, વ્યક્તિની અધુરી ઈચ્છાઓ, સંઘર્ષો, લાગણીઓ, પ્રેમ, ભાવના સ્વપ્નમાં રજૂ થતા હોય છે. સપનાનું વિશ્વ અત્યંત વિકસેલુ હોય છે. જ્યારે વ્યક્તિ સુતો હોય છે ત્યારે તેનું અંતરમન જાગૃત હોય ત્યારે કરેલા કાર્યો અને સંવેદનાઓને સુવ્યવસ્થિત કરવાનું કામ કરે છે. ભાવિ રોડમેપ ડિસાઈડ કરે છે. આ જ તો શમણાનુ મુખ્ય કાર્ય હોય છે.

જાગતી વ્યક્તિ સપનું જુએ તો આસપાસના લોકો એને 'મુંગેરીલાલ કે હસીન સપને...લ્ર કહીને હસતા હોય છે. આ સંદર્ભમાં કોલંબીયન યુનિવર્સિટીના બે તેજસ્વી સંશોધકો, લોરેન્સ શેફર અને એડવર્ડ શોબેનનો અહેવાલ કહે છે કે, જાગૃત અવસ્થામાં જોવાતા દિવાસ્વપ્ન એ માત્ર ખયાલી પુલાવની તરંગી પ્રક્રિયા સમજવાની ભુલ ન કરવી જોઈએ. એમણે કરેલા પ્રયોગો ઉપરથી સ્પષ્ટ થયું છે કે, એમણે લીધેલાં સેંપલ સર્વેના અડધાથી વધારે લોકોએ જગૃત અવસ્થામાં જોયેલા દિવાસ્વપ્ન સાકાર થયાં છે.

માનવી પ્રકાશ જેટલી તેજ રફતારથી આકાશમાં વિહરી શકે એવા આઈન્સ્ટાઈનના દિવાસ્વપ્ને અનેક વૈજ્ઞાનિક આવિષ્કારોને જન્મ આપ્યો. એક વાત તો સ્પષ્ટ છે કે, સ્વપ્ન ઉપર માનવીનો કોઈ અંકુશ નથી હોતો પરંતુ વ્યક્તિના દિવાસ્વપ્નો ચોક્કસ અંકુશમાં હોઈ શકે છે. આગળ વધેલા પૈકી નેવુ ટકા લોકો દિવાસ્વપ્ન જોવાની ટેવવાળા જ હોય છે.

દરેક વ્યક્તિ સપનાનો છોડ વાવી જ શકે છે. વ્યક્તિ ત્યારે જ જીનિયસની વ્યાખ્યામાં બંધ બેસે છે. જ્યારે એ દિવાસ્વપ્ન જોવા લાગે છે. આપણા પિતાનું એક સપનું હતું, આપણા પણ સપના હોય છે. આપણા બાળકોના પણ સ્વપ્નો હશે. સ્વપ્ન અને કલ્પના વગરનું જીવન વિચારી ન શકાય. શમણાવિહિન દશામાં માનવીનું અસ્તિત્વની કલ્પના ન થઈ શકે. વ્યક્તિમાત્રને સપનાની જરૂરિયાત હોય છે. સપનામાં ભોજન જેટલું પોષણ હોય છે.

વ્યક્તિ કેવો દેખાય છે તેનાથી કોઈ ફરક નથી પડતો. વ્યક્તિનું લક્ષ્ય કેવું છે, એની મહેનત કરવાની તમન્ના કેટલી છે, તેણે જોયેલા સપના પાછળ દોડવાની અભિપ્સા કેવી છે. એનાથી વ્યક્તિના જીવનમાં ફરક પડતો હોય છે. સ્વપ્ન જોવાની હિંમત છે તો દુનિયા જીતી શકવાની ક્ષમતા છે.

**ધબકાર :**

મોટા ભાગે લોકો પોતાના સપનાને નથી જીવી શકતા કારણ કે એ લોકો એમના ડરને જીવતા હોય છે.